## ૧.૬૯ લાખ ગામોના લોખંડ- માટીની વોલ બનાવાઈ

# PM મોદી સ્ટેચ્યૂ ઓફ યુનિટીના ચરણ સ્પર્શ કરી લોકાર્પણ કરશે

। ગાંધીનગર ।

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચાઈના પ્રતિમા લોકાર્પણ માટે રિમોર્ટ કંટ્રોલથી પડદો ઊંચો કરવા કે રિબિન કાપવા જેવી કોઈ ફોર્માલિટી થવાની નથી ! ૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન મોદી સ્ટેચ્યૂ ઓફ યુનિટીના ચરણ સ્પર્શ કરી, ફુલો અર્પણ કરીને વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા રાષ્ટ્રને અપર્ણ કરશે.



સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણ માટે ચાર વર્ષ પહેલા દેશના ૧.૬૯ લાખ ગામડાંઓમાંથી ખેડૂતો પાસેથી ખેત ઓજારનું લોખંડ અને તેમના ગામની માટી એકત્ર કરવામાં આવ્યા હતા. એ લોખંડ, માટીમાંથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીની પાસે જ 'વોલ ઓફ યુનિટી'નું નિર્માણ કરવામાં આવ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરદાર પટેલની પ્રતિમાને રાષ્ટ્રને અપર્ણ કર્યા બાદ 'વોલ ઓફ યુનિટી'નું પણ લોકાપર્ણ કરશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ દરમિયાન વડાપ્રધાન મોદી પ્રતિમાની અંદર તૈયાર થયેલી વિવિધ પ્રતિકૃતિઓ, તસ્વીરોની ગેલેરીને જાહેર જનતા માટે ખુલ્લી મુકશે. લિફ્ટ મારફતે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં તૈયાર થયેલી ઉપરની તરફની વ્યુઅર્સ ગેલેરીમાં પણ વડાપ્રધાન જશે. આ સમયે એરફોર્સના પ્લેન દ્વારા આકાશમાં તિરંગા રંગોળીનો શો પણ યોજવામાં આવશે.

## એરફોર્સના પ્લેન દ્વારા આકાશમાં તિરંગા રંગોળી શો

સંદેશ
24 OCT 2018